ઉમરા પો.સ્ટે. વિસ્તારમાં આવેલ વેસુ ખાતે લુંટના ગુનાનો નાસતો ફરતો આરોપીને ગણતરીના કલાકોમાં ઝડપી પાડતી ઉધના પોલીસ

સુરત શહેરના ઉધના પો.સ્ટે. વિસ્તારમાં અનડિટેકટ ગુન્હા શોધી કાઢવા પો.સ્ટે. વિસ્તારના પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન સાથેનાં અ.હે.કો.જનાર્દન હરીચરણ તથા અ.હે.કો.પ્રદીપ જગંદબાપ્રસાદ નાઓની બાતમી આધારે આરોપી નામે અઝહર ઉર્ફે દાઉદ જાફર શા ઉ.વ.૨૦ ધંધો. એસી રીપેરીંગ રહે. ઘર નં. ૧૦૯, આઝાદનગર રસુલાબાદ ગલી નં.૧૦, ભટાર ખટોદરા, સુરત મુળરહે. ગામ.વડના ભુરજર તા-જી. ધુલીયા (મહારાષ્ટ્ર)નાને પકડી પાડી, પુછપરછ કરતા તેણે મિત્ર ધીરૂ અને સદ્દામ જેના પુરાનામની ખબર નથી સાથે મળી વેસુ રોડ ખાતે આવેલ હાઈટેન્સન લાઈનના ટાવર પાસેથી એક ઈસમ પાસેથી મોબાઇલ તથા પૈસા છીનવવાની કોશીષ કરતા સદર ઈસમ મોબાઈલ તથા પૈસા આપવાની ના પાડતા આરોપીઓએ ચપ્પુથી ઇજા પહોંચાડી મોબાઈલ તથા રોકડા રૂપીયા ૩૦૦૦/-ની લુંટ કરી નાસી ગયેલ સદર બનાવ અંગે ઉમરા પો.સ્ટે. માં । ગુ.ર.નં.૧૫૧/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૯૨, ૩૯૪, ૩૯૭, ૧૧૪ તથા જી.પી.એકટ-૧૩૫ મુજબનો ગુનો દાખલ થયેલ જે વણશોધાયેલ હોય, જે શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.